# Nirmal Metro

## Skipper Limited announces its arrival in Gujarat with its new manufacturing facil

India Media Monitor

**Date: 15/04/2015 | Edition: Ahmedabad | Page: 2 | Source: Bureau | Clip size (cm): W: 15 H: 26**

**Clip: 1 of 1**

# સ્કીપર લિ.એ પીવીસી પાઈપ્સના નવા ઉત્પાદન એકમ સાથે ગુજરાતમાં તેના આગમનની જાહેરાત કરી




પ્રતિનીધી દ્વારા

**અમદાવાદ, ૧૪મી એપ્રિલ, ૨૦૧૫** : ભારતમાં ટ્રાન્સમિશન અને ડિસ્ટ્રિબ્યુશન (ટીએન્ડડી) ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને વોટર ટ્રાન્સમિશન સેક્ટર્સમાં ટોચની ત્રણ કંપનીઓમાંની એક સ્કિપર લિ. (બીએસઈ : ૫૩૮૫૬૨)એ ગુજરાતમાં નવા પીવીસી પાઈપના ઉત્પાદન એકમ સાથે રાજ્યમાં તેના આગમનની જાહેરાત કરી છે. પૂર્વીય ભારતની બહાર વિસ્તરણ કરતાં સ્કિપર લિમિટેડનો નવો સેટેલાઈટ પ્લાન્ટ આંતરરાષ્ટ્રીય ધારાધોરણની પીવીસી પાઈપ્સની શ્રેષ્ઠ બ્રાન્ડ મારફત ગ્રાહકની નિકટતાની જરૂરિયાત પૂરી કરશે. પૂર્વીય ભારતમાં પીવીસી પાઈપ ઉત્પાદકોમાં અગ્રણી સ્થાન ધરાવતી કંપનીએ ગુજરાતમાં પગ મુકવા સાથે જળસંશાધન ઉદ્યોગમાં તેની મહત્વાકાંક્ષી યોજનામાં તેનું સૌપ્રથમ પગલુ ભર્યું છે. કેટલીક સામાજિક જવાબદારીની પહેલો હાથ ધરનાર સ્કીપર સેન્ટર ઓફ એક્સલન્સનો કાર્યક્રમ સ્કીપર સાથી પણ વિકસાવશે. આ સેન્ટર ખેડૂતો અને પ્લમ્બિંગ કોમ્યુનિટીને મફત તાલિમ આપશે. કંપનીએ આ પહેલ હેઠળ ગુજરાતમાં ૨,૦૦૦ અર્ધ કુશળ અથવા અકશુળ પ્લમ્બર્સ અને ૧૦,૦૦૦ ખેડૂતોને તાલિમ આપી છે. તેની આ પહેલ મારફત કંપનીનો આશય પ્લમ્બિંગ અને કૃષિ સેક્ટર માટે સક્ષમતા અને વિકાસના આધારે જથ્થા અને ગુણવત્તામાં તાલિમબદ્ધ મેનપાવરની વેલ્યુ ચેઈનની વિકસતી જરૂરિયાત પૂરી કરવામાં નોંધપાત્ર યોગદાન આપવાનો છે.

સ્કીપર લિ.ના ડિરેક્ટર શ્રી દેવેશ બંસલે જણાવ્યું હતું કે, 'અમારી વિસ્તરણ યોજનાઓ માટે રાષ્ટ્રીય સ્તરે રૂ. ૩૦૦ કરોડની ફાળવણી અમે કરી છે અને ગુજરાતમાં આ ઉત્પાદન એકમ અમારો પાયાનો પથ્થર છે. એક જવાબદાર કોર્પોરેટ સિટિઝન તરીકે કંપની ટૂંક સમયમાં ગુજરાતમાં સંબંધિત ટ્રેડ કોમ્યુનિટીસના શૈક્ષણિક અને વોકેશનલ ઉત્થાન માટે સ્કીપર સાથી કાર્યક્રમ શરૂ કરશે.'

સ્કીપર લિ.ના ડિરેક્ટર શ્રી સિદ્ધાર્થ બંસલે જણાવ્યું હતું કે, 'અમદાવાદમાં ૧૦,૦૦૦થી વધુ એમટીની ઉત્પાદન ક્ષમતા સાથે સ્કીપર ગુજરાતમાં સૌથી વધુ ઉત્પાદન કરતી ટોચની ત્રણ કંપનીઓમાં સ્થાન મેળવશે. આગામી ત્રણ વર્ષમાં ગુજરાતના બજારમાં ૧૦ ટકા બજાર હિસ્સો કબજે કરવા પર અમારી નજર છે. આગામી કેટલાક વર્ષમાં વર્તમાન ઉત્પાદન ક્ષમતાને અંદાજે ૪૦,૦૦૦ એમટી સુધી લઈ જવાની કંપનીની યોજના છે. ગુજરાતમાં અમારો નવો એકમ વિશ્વ સ્તરના ઈન્ફ્રાસ્ટ્રક્ચર સાથે લેટેસ્ટ પાઈપ એક્સ્ટ્રુસન મશીનરીથી સજ્જ હશે. એકમ લગભગ ૮૦ ટકા ઓટોમેટિક ટેક્નોલોજીથી સજ્જ હશે, જેને પગલે તે ઉદ્યોગમાં સૌથી વધુ ઓટોમેટિક ટેક્નોલોજીથી સજ્જ એકમોમાંનો એક બની ગયો છે. અમારો વિશાળ વૈવિધ્યપૂર્ણ વેન્ડર બેઝ કરકસરયુક્ત ખરીદી અને રૂપિયાનું પૂરેપુરૂં વળતર ચૂકવે છે.'